| ક્રમ | વિદ્યાર્થીનું નામ | પૂર્વ પરીક્ષા (૫૦) | અનુ પરીક્ષા (૫૦) | પૂર્વ પરીક્ષાની ટકાવારી | અનુ પરીક્ષાની ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | મોરે ખ્યાતિ જે. | ૧૬ | ૩૪ | ૩૨% | ૬૮% |
| ૨ | કુશવાહા ભાનુપ્રતાપ એ. | ૨૨ | ૩૮ | ૪૪% | ૭૬% |
| ૩ | માછી તીર્થરાજ એમ. | ૨૧ | ૪૨ | ૪૨% | ૮૪% |
| ૪ | પટેલ તીર્થ જે. | ૧૩ | ૩૧ | ૨૬% | ૬૨% |
| ૫ | કાયસ્થ જયમીન એ. | ૧૪ | ૨૭ | ૨૮% | ૫૪% |
| ૬ | વસાવા રુદ્ર એલ. | ૨૨ | ૩૫ | ૪૪% | ૭૦% |
| ૭ | ચૌધરી પ્રિતકુમાર પી. | ૨૧ | ૩૧ | ૪૨% | ૬૨% |
| ૮ | નાવીક વેદાંત કે. | ૨૨ | ૨૯ | ૪૪% | ૫૮% |

**વ્યક્તિના આંતરિક ગુણો, બાહ્ય વર્તનનું સંયોજન એટલે વ્યક્તિત્વ**

❖ **તારણો :** ઉપચારાત્મક શિક્ષણ પદ્ધતિ વિદ્યાર્થીઓમાં શિક્ષણ સ્તર ઓછું કરવામાં અસરકારક સાબિત થાય છે. ઉપચારાત્મક શિક્ષણ પદ્ધતિ ખાસ કરીને નબળા વિદ્યાર્થીઓ માટે અસરકારક બની રહે છે શિક્ષણની ગુણવત્તા અને શિક્ષણમાં સમાનતા વધારવા માટે જરૂરી છે.વ્યક્તિગત માર્ગદર્શન, પુનરાવર્તન અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ પદ્ધતિ વધુ અસરકારક બને છે. વિદ્યાર્થીઓને ગણિત વિષય પ્રત્યે રસ દાખવી શકાય. વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ અને શૈક્ષણિક સ્તરમાં વધારો થાય છે. વિદ્યાર્થીઓને ગણિત વિષય પ્રત્યે રસ દાખવતા કરી શકાય. વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ અને શૈક્ષણિક સ્તરમાં વધારો થઈ છે.

❖ **અવલોકનો :** મોટાભાગના વિદ્યાર્થીઓએ ૫૦% કરતા વધુ ગુણ મેળવ્યા જ્યારે ઘણા ઓછા વિદ્યાર્થીઓએ ૫૦% કરતા ઓછા ગુણ મેળવ્યા વિદ્યાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે ભય તથા નીરસ્તા જોવા મળી વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી વારંવાર પુનરાવર્તન થી વિષય સમજવામાં રસ દાખવે છે ઉપચારાત્મક કાર્ય બાદ વિદ્યાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે ઉત્સુકતા જોવા મળી ઉપચારાત્મક કાર્યબાદ ૫૦% થી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો. ઉપચારાત્મક શિક્ષણના કારણે શિક્ષક વિદ્યાર્થી સંબંધ વધુ મજબૂત બન્યો.

❖ **ભવિષ્યના સંશોધન માટેના સૂચનો :** સંશોધન નો ફાયદો માત્ર ટૂંકા ગાળામાં જ નહી પરંતુ લાંબા ગાળામાં પણ રહે છે કે નહી તે ચકાસવા માટે લાંબા ગાળા આધારિત સંશોધનો કરવા જોઈએ આજના આધુનિક યુગમાં વિદ્યાર્થીઓના માનસિક અભ્યાસ પ્રત્યે વલણ અને શૈક્ષણિક પ્રેરણા પર અસર થઈ અને એમાં સુધારો થઈ શકે તેને આધારિત સંશોધનો કરવા જોઈએ.ભવિષ્યમાં સંશોધન વધારે વિદ્યાર્થીઓ અને નવી પદ્ધતિઓ પર કરવામાં આવે તો શિક્ષણ વધુ અસરકારક અને સર્વગ્રાહી બની શકે છે.



# વિષય : Gen Z વિદ્યાર્થીઓને ભણાવતા શિક્ષકોની માનસિક સમસ્યાઓ અને તેના તારણો

**ઉર્વશી કે. જાની**
(સુપરવાઈઝર કોમર્સ વિભાગ)

**૧. વિષયનું શબ્દાર્થઘટન :**

- **Gen Z વિદ્યાર્થી** : વર્ષ ૧૯૯૭ પછી જન્મેલા, ટેકનોલોજી,ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયાથી પ્રભાવિત વિદ્યાર્થીઓ. આ પેઢીમાંથી સરેરાશ ૫૪% લોકો ચાર કલાકથી વધુ સમય ફોન પર વિતાવે છે. ડિજિટલ દુનિયા અને વાસ્તવિક દુનિયા વચ્ચેના તફાવત ભૂસાતા જાય છે. તેમજ આધ્યાત્મિક જ્ઞાન સાથે બહુ જ ઓછો લગાવ ધરાવે છે આળસનું પ્રમાણ વધુ છે. ડિપ્રેશન, એન્ઝાઈટી,હાલમાં જોવા મળતા નાની ઉંમરના યુવાનોમાં હાર્ટ અટેક, મેદસ્વિતા વગેરે થાય છે.
- સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમજ શૈક્ષણિક પરીક્ષાઓનું સ્તર ઘણું ઊંચું જતું જાય છે. જેના સમાધાન સ્વરૂપ શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે યોગ્ય કોર્ડીનેશન થાય તે માટે આ વિષય પસંદ કરેલ છે.
- **માનસિક સમસ્યા** : શિક્ષકોને થતા માનસિક દબાણ, તણાવ,ચિંતા,અસમર્થતાની ભાવના વગેરે.

**૨. વિષયની પસંદગી શા માટે કરી ? કેવી રીતે ?**

- Gen Z વિદ્યાર્થીઓમાં ટેકનોલોજી આધાર, ધ્યાનની અછત, સોશિયલ મીડિયા પ્રભાવ, પરંપરાગત પદ્ધતિઓ પ્રત્યે રસ ન હોવો વગેરે પડકારો હોવાથી શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય પર તેનો અભ્યાસ જરૂરી છે.